આંદોલનની પૂર્ણાહુતી થઇ નથી : રામદેવ

નવી દિલ્હી,તા.૧૩

ભ્રષ્ટાચાર અને કાળા નાણાંને લઈને આંદોલનનું નેતૃત્વ કરી રહેલા યોગગુરુ બાબા રામદેવને આંબેડકર સ્ટેડિયમમાં કામચલાઉ જેલમાં ખસેડવામાં આવ્યા હતા. દેખાવકારોનું નેતૃત્વ કરવા બદલ તેમને અગાઉ અટકાયતમાં લઇ લેવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં તેમના સમર્થકોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. એમ માનવામાં આવે છે કે આશરે ૫૦૦ જેટલા સમર્થકોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા છે. અગાઉ રામદેવે કહ્યું હતું કે વિદેશમાં જમા કાળા નાણાંને પરત લાવવા તેઓ સંસદ તરફ કુચ કરશે. સંસદ તરફ કુચ કરવામાં આવે તે પહેલા જ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. રામદેવે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર સામે તેમનું આંદોલન છે. જ્યાં કંઈ પણ પોલીસ લઈ જશે ત્યાં અમે જઈશું. કામચલાઉ જેલ પોલીસ દ્વારા ભાવનામાં ઉભી કરવામાં આવી છે. જ્યાં રામદેવની સાથે તેમના હજારો સમર્થકોને પણ રાખવામાં આવી રહ્યા છે. એક બસ ભરીને સમર્થકો કામચલાઉ જેલમાં પહોંચ્યા હતા. આંદોલન પુર્ણ થશે નહીં અમે પરત ફરીશું એવું રામદેવે કહ્યું હતું. માર્ચ શરૂ થાય તે પહેલા ભાજપ પ્રમુખ નિતિન ગડકરી, જેડીયુના વડા શરદ યાદવ, ટીડીપીના વડાઓ તથા અકાલીદળના નેતાઓ પણ રામદેવ સાથે સ્ટેજ ઉપર જોડાયા હતા અને તેમની ચળવળને ટેકો આપ્યો હતો. ભાજપ પ્રમુખ નિતિન ગડકરીએ કહ્યું હતું કે તેમની લડાઈમાં રામદેવ એકલા નથી. તેમની પાર્ટી પણ સાથે છે. બીજીબાજુ રામદેવના હજારો સમર્થકોએ મધ્ય દિલ્હીમાં નાકાબંધી કરી હતી. રામદેવને કામચલાઉ જેલમાં લઈ જતા રોકવા આ દેખાવો થયા હતા. તેમની કુચને આગળ વધારવા બદલ પોલીસે તેમને રોકતા રામદેવ અને તેમના સમર્થકોએ ધરપકડ વોરી હતી. આ માર્ચને મધ્ય દિલ્હીમાં રણજીતસિંહ ફ્લાય ઓવર ખાતે રોકી દેવામાં આવી હતી. અગાઉ દેશના લોકોના આવાસ સમક્ષ નહીં ઝૂકવાનો સરકાર પર આક્ષેપ કરીને યોગગુરુ બાબા રામદેવે આજે સવારે જાહેરાત કરી હતી કે તેઓ તેમના સમર્થકોની સાથે રામલીલા મેદાનથી સંસદ તરફ આગેકૂચ કરશે. સમર્થકોને સંબોધતા રામદેવે કહ્યું હતું કે બેસવાનો સમય પૂરો થઈ ગયો છે. હવે આગળ વધવાનો સમય આવી ગયો છે. આગામી પગલાં તરીકે અમે સંસદ તરફ આગેકૂચ કરીશું અને સંસદ ખાતે ધરણા યોજીશું સંસદનો ઘેરાવ કરવામાં આવશે નહીં પરંતુ સંસદની બહાર દેખાવ કરવામાં આવશે. સંસદનું મોનસૂન સત્ર હાલમાં ચાલી રહ્યું છે. યોગગુરુએ સંસદ તરફ કૂચમાં નેતૃત્વ કરવા યુવા લોકોને અપીલ કરી હતી. કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહાર કરતા રામદેવે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી ભ્રષ્ટાચારને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. દેશની પ્રતિષ્ઠાને પણ નુકશાન થયું છે. સામાજિક અને રાજકીય બહિષ્કાર કરવા રામદેવે અપીલ કરી હતી. કોંગ્રેસ હટાવો અને દેશ બચાવોની વાત કરતા રામદેવે કહ્યું હતું કે અન્ય ભાગો પણ ટૂંક સમયમાં જ આમા જોડાઈ જશે. ૧૩મી ઓગસ્ટથી સરકારની અંતિમ વિધિની તૈયારી હાથ ધરવામાં આવી ચૂકી છે. રામદેવે એમ પણ કહ્યું હતું કે લડાઈ પૂરી થઈ નથી. સરકારે મજબૂત લોકપાલ બિલ લાવવા, સીબીઆઈ અને ચૂંટણી પંચના વડાઓના નામ જાહેર કરવામાં પારદર્શકતા લાવવાની માંગ કરી હતી. ઉપરાંત વિદેશી બેંકોમાં પડેલા કારા નાણાંને પરત લાવવાની પણ રજૂઆત કરી હતી.

ટ્રેનોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી બાદ કર્ણાટકમાં એલર્ટ

બેંગ્લોર, તા.૧૩

કર્ણાટકમાં ટ્રેનોમાં પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી મળ્યા બાદ રેલવે પોલીસને હાઇ એલર્ટ ઉપર મુકી દેવામાં આવી છે. સ્વતંત્રતા દિવસ પહેલા ધમકી મળ્યા બાદ ટ્રેનોની સુરક્ષાને લઈને તમામ પગલા લેવામાં આવ્યા છે. મૈસુરથી સક્રિય આતંકવાદી સંગઠન તરફથી ધમકી મળ્યા બાદ રેલવે પોલીસના અધિકારીઓ આને ખુબ જ ગંભીરતાથી લઈ રહ્યા છે. ડીઆઈજી રેલવે બી શ્રીકાંતાપાએ જણાવ્યું છે કે દિલ્હીથી અમને ઈન્ટેલિજન્સ માહિતી પણ મળી છે. મૈસુરમાં કેટલાક આતંકવાદી સંગઠને કેટલીક ટ્રેનોમાં બ્લાસ્ટ કરવા ધમકી આપી છે. અધિકારીઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ખાસ કરીને વધુ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

ડીઆઈજીનું કહેવું છે કે રેલવે ટ્રેક પર સુરક્ષા અને નીરીક્ષણની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ૧૫મી ઓગસ્ટ પહેલા સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે ત્યારે આ પ્રકારની ધમકી નવા પડકાર સર્જે છે. વધારાના પોલીસ જવાનો પણ મૈસુરમાં મોકલી દેવામાં આવ્યા છે. રાજયભરના તમામ રેલવે સ્ટેશનો ઉપર ૨૪ કલાક નજર રાખવામાં આવી રહી છે. હંમેશા ભરચક રહેતા બેંગ્લોર અને મૈસુરમાં શંકાસ્પદ શખ્સો ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. તમામ રેલેવે યાત્રીઓની ચકાસણી થઇ રહી છે.

તેમના લગેજની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. સ્વતંત્રતા દિવસ પહેલા દર વર્ષે સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવે છે. ઉજવણી શાંતિપુર્ણ રીતે પુર્ણ થાય તે માટે દરેક રાજ્યોમાં સુરક્ષા વધરાવમાં આવી છે.

એર ઇન્ડિયાને હડતાળથી કુલ ૬૨૦ કરોડનો ફટકો

નવી દિલ્હી, તા.૧૩

એરઇન્ડિયામાં તાજેતરમાં જ પાડવામાં આવેલી ૫૮ દિવસની હડતાળ દરમિયાન ઘણા બોઈંગ વિમાનોની સેવા બંધ કરી દેવામાં આવી હતી. હડતાળના કારણે એરઇન્ડિયાની વિમાની સેવા સંપૂર્ણપણે ખોરવાઈ હતી અને ૬૨૦ કરોડથી વધુનું મહેસૂલી નુકશાન થયું હતું. એરલાઈન ૨૩૦થી વધુ પાયલોટો સામેલ થઈ જતાં નવા કાર્યક્રમને જાળવી રાખવા માટે આશાવાદી છે. હકાલપટ્ટી કરવામાં આવેલા ૧૦૧ પાયલોટોને ફરી લેવા અંગે વાતચીત ચાલી રહી છે.

સોનિયા ગાંધી હિંસાગ્રસ્ત આસામની મુલાકાતે

કોકરાઝાર, તા.૧૩

યુપીએના ચેરમેન સોનિયા ગાંધીએ આજે હિંસાગ્રસ્ત આસામના વિસ્તારોની મુલાકાત લીધી હતી. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે હિંસાથી ગ્રસ્ત લોકોને પોતપોતાના ઘરે પરત ફરવામાં હજુ થોડો સમય લાગી શકે છે. સ્થિતી સામાન્ય બની ચુકી છે. પરંતુ હજુ પણ વધુ પગલા લેવાની જરૂરી છે. આસામમાં શરણાર્થીઓની વાપસીમાં થોડોક સમય લાગી શકે છે. સોનિયા ગાંધીની સાથે કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલ કુમાર શિન્દે, આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઇ પણ હતા. સોનિયા ગાંધીએ તીતાગુડી રાહત કેમ્પની મુલાકાત લીધી હતી. અહીં મોટી સંખ્યામાં શરણાર્થી લોકો હાલમાં આસરો મેળવી રહ્યા છે. ટુંકા નિવેદનમાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે તમામ શરણાર્થી લોકો પોતપોતાના ઘરે પરત ફરવા માંગે છે. પરંતુ સ્થિતીને સંપુર્ણ



પણે શાંત બનાવવામાં હજુ સમય લાગી શકે છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે ભાવનાઓ શાંત થઈ ગયા બાદ મુખ્યમંત્રી અને અન્યો મળીને યોગ્ય નિર્ણય કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે આસામમાં સાંપ્રદાયિક હિંસામાં ૭૭થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. હિંસા બાદ સુવિધાઓના હેતુસર સ્થાપિત કરવામાં આવેલી છાવણીઓમાં કોઈ તકલીફ પડી રહી છે કે કેમ તે અંગે પુછવામાં આવતા કોઈ તકલીફ નહીં હોવાની વાત શરણાર્થી લોકો કરી રહ્યા છે. અગાઉ સોનિયા ગાંધી હેલિકોપ્ટર મારફતે ગુવાહાટીથી અહીં પહોંચ્યા હતા. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે તમામ અસરગ્રસ્ત લોકોને છાંવણીઓમાં યોગ્ય રીતે જરૂરી સુવિધાઓ મળી રહી છે. માત્ર બે બાળકો બિમાર થયા છે. આ બાળકોને યોગ્ય સારવાર અપાઈ રહી છે. સોનિયા ગાંધીની સાથે સાથે અન્ય અધિકારીઓ અને નાગરિક વહિવટી તંત્રના લોકો પણ હતા. આસામ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભુવનેશ્વર કલિતા, બોડોલેન્ડ ક્ષેત્રિય પરિષદના પ્રમુખ મોહિલારી અને અન્ય પ્રધાનો પણ હતા. સોનિયા ગાંધીએ પરિસ્થિતીની સમિક્ષા કરી હતી. ગાંધી અને સુશીલકુમાર શિન્દે એક દિવસની યાત્રાએ કોકરાઝાર પહોંચ્યા હતા. વડાપ્રધાન મનમોહનસિંહ પણ આસામમાં હિંસા ભડકી ઉઠ્યા બાદથી પરિસ્થિતીની સમીક્ષા કરવા આસામની મુલાકાત લઈ ચુક્યા છે.

લંડન ઓલિમ્પિક્સના મેડલ ટેબલમાં ભારત ૫૫મા ક્રમે

લંડન,તા.૧૩

લંડન ઓલિમ્પિક્સ ગેમ્સની રંગારંગ કાર્યક્રમ વચ્ચે રવિવારે મોડી રાત્રે પૂર્ણાહૂતિ થઈ હતી. આ વખતે ભારતીય ખેલાડીઓનો દેખાવ પણ અગાઉ કરતા સારો રહ્યો છે. અલબત્ત ભારત ઓલિમ્પિક્સમાં ચંદ્રક ટેબલમાં ૫૫માં સ્થાને છે પરંતુ અગાઉના બેજિંગ ઓલિમ્પિક્સની સરખામણીમાં આ વખતે ભારતે વધુ ચંદ્રક જીત્યા છે. બેજિંગ ઓલિમ્પિક્સમાં ભારતે એક સુવર્ણ અને બે કાસ્ય જીત્યા હતા. જેથી ભારત રેન્કીંગમાં ૫૦માં સ્થાને રહ્યું હતું પરંતુ આ વખતે ભારતે ચંદ્રકો વધારે જીત્યા છે. સુવર્ણ ચંદ્રક હોવાના કારણે ભારતની સ્થિતિ અગાઉ સારી રહી હતી. આ વખતે ભારત ૫૫માં સ્થાને રહ્યું છે પરંતુ ચંદ્રક જીતવાની દૃષ્ટિએ શ્રેષ્ઠ ગાળો રહ્યો છે. ભારત તરફથી આ વખતે કુસ્તીબાજ સુશીલ કુમાર અને શૂટર વિજય કુમારે રજત ચંદ્રક જીત્યા છે જ્યારે પાંચ વખતની વિશ્વ ચેમ્પિયન એમસી મેરિકોમ, બેડમિન્ટન સ્ટાર ખેલાડી સાયના નહેવાલ, શૂટર ગગન નારન અને કુસ્તીબાજ યોગેશ્વર દત્તે કાસ્ય ચંદ્રક જીત્યા છે. ઓલિમ્પિક્સ

રમતોત્સવમાં આ વખતે અમેરિકાએ ચીનના વર્ચસ્વને તોડી પાડીને પ્રથમ સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી છે.

અમેરિકા ૪૬ સુવર્ણ, ૨૯ રજત અને ૨૯ કાસ્ય સાથે કુલ ૧૦૪ ચંદ્રક જીતીને પ્રથમ સ્થાન ઉપર રહ્યું છે. જ્યારે ચીન ૮૭ ચંદ્રકો સાથે બીજા સ્થાન ઉપર રહ્યું છે. ચીને આ વખતે ૩૮ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૨૨ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. યજમાન બ્રિટન ત્રીજા સ્થાન ઉપર છે. બ્રિટને ૨૯ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૧૯ બ્રોન્ઝ જીત્યા છે. ચાર વર્ષ અગાઉ શૂટર અભિનવ બિન્દ્રાએ ગોલ્ડ જીતવામાં સફળતા મેળવી હતી જ્યારે સુશીલ અને બોક્સ વિજેન્દ્રસિંહે બેજિંગ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી.

મુંબઇમાં હિંસા અંગે પહેલાથી જ ચેતવણી આપી દેવાઇ હતી

મુંબઈ, તા. ૧૩

મુંબઈમાં સાંપ્રદાયિક હિંસાના સંબંધમાં પહેલાથી જ ચેતવણી આપવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાની સમસ્યા સર્જાસે તેવી ચેતવણી મુંબઈ પોલીસને આપવામાં આવી હતી. એક અહેવાલમાં આજે આ મુજબની વાત કહેવામાં આવી છે. મુંબઈ શહેરમાં હાલમાં ભડકેલી હિંસામાં બે લોકોના મોત થયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલાઓમાં ૪૫ પોલીસ જવાનોનો સમાવેશ થાય છે. દક્ષિણ મુંબઈમાં છત્રપતી શિવાજી ટર્મિનસ નજીક ભડકેલી હિંસામાં આશરે ૧૦૦થી વધુ જાહેર અને ખાનગી વાહનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. દેશના વાણિજ્ય પાટનગરમાં કલાકો સુધી સ્થિતી તંગદીલિપુર્ણ રહી હતી. એક સમાચાર ચેનલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિરોધની શરૂઆત થાય તે પહેલા જ છડીઓ, લાકડીઓ, ચાકુ અને તલવાર સાથે ૧૦૦૦ જેટલા લોકોની ટોળકી કુર્લા સ્ટેશનથી સીએસટી તરફ વધી રહી હોવાના અહેવાલ આવ્યા હતા. જો કે મુંબઈ પોલીસનું કહેવું છે કે હિંસાના કાવતરાને અમલી બનાવવાના હેતુસર દેખાવ વેળા જ દેખાવ કરનાર લોકોમાંથી જ કેટલાક શખ્સો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. મુંબઈ પોલીસનું કહેવું છે કે અહેવાલો પાયા વગરના છે. દરમિયાન એક અગ્રણી અગ્રેજી અખબારના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એડિશનલ કમિશ્નર ઓફ પોલીસે મુંબઈમાં પોલીસ અધિકારીઓને એક ગુપ્ત અહેવલા મોકલ્યો હતો જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે કાયદો અને વ્યવસ્થાની સમસ્યા સર્જાઈ શકે છે.

પ્રદીપમેય જગત્ સર્વમ્... (પાના નં. ૪ નું ચાલુ)

પણ એ શી રીતે આવે?

આનો ઉત્તર એક નાનકડી કથામાં...

પોતાના બંને પુત્રોની વિચક્ષણતાથી પરીક્ષા કરવા શાણા પિતાએ બંનેને એક એક રૂપિયો આપતાં કહ્યું, ''આ રૂપિયાની વસ્તુ ખરીદી લાવો કે જેથી ઘર ભરાઈ જાય.''

અજિતે રૂપિયાનું સસ્તુ ઘાસ લાવી ઘરમાં પાથર્યું અને ઘર ભરાઈ ગયું.

અભયે સુગંધી અગરબત્તી અને મીણબત્તી લાવી, જ્યોત પ્રગટાવી અને જ્યોતના ઉજ્જવળ પ્રકાશ અને અગરબત્તીની સુગંધથી ઘર ભરાઈ ગયું.

બંનેએ ઘર ભર્યું... એકે કચરાથી, બીજાએ પ્રકાશથી! જેમ ઘરને અજવાળ્યું તેમ જગને અજવાળાય... પણ એ માટે મન સ્વસ્થ, તન સ્વસ્થ જીવન સવસ્થ હોવું ઘટે.

સરિતા વહે છે... જીવન પણ વહે છે.

જીવન સરિતા જેવું છે.

સરિતાના નિર્મળ પ્રવાહમાં કલકલ છલછલ સંગીત કોણ છેડે છે?

સરિતાનો પ્રવાહ પોતે જ એ સંગીત સર્જે છે. જીવનમાંથી પણ સંગીતના સ્વર રેલાઈ શકે છે...

સંગીત એટલે સંવાદિતા... **HARMONY!**

લોકો શાસ્ત્રોમાં કે ગ્રંથોમાં જીવન શોધે છે. પોતાના અસ્તિત્વમાં જીવનનો અનુભવ કરતા નથી.

પોતાનું અસ્તિત્વ એટલું જીવંત હોય કે એ અનેકનું જીવન બને. મનુષ્યને બહારના દેખાવમાં વધુ રસ પડે છે. તેની ગુણવત્તા સુધી પહોંચવાની કે તેના ઊંડાણ સુધી પહોંચવાની સૂઝ, સમજણ, હોંશિયારી કે પુરૂષાર્થ નથી. તે બાહ્ય સિધ્ધિઓ કે ઉપલબ્ધિઓને જ મહત્ત્વ આપે છે. એટલે તે આંતરિક જગતની સહેજ પણ ખેવના કરતો નથી. પરિણામે તેનું જીવન સમતોલ રહેતું નથી.

નવા વર્ષના આરંભબિંદુએ જીવનમાં અત્યાર સુધીનાં લેખાજોખાં કરવાં જેવા છે.

જીવનનું સંતુલન શેમાં છે?

જીવનને બહારથી માણવામાં અને અંદરથી જાણવામાં...

જીવનનો આનંદ શેમાં છે?

પોતાના માટે કર્મકઠોર બનવામાં અને બીજાના માટે પુષ્પ સમાન કોમળતા દાખવવામાં...

જીવનની સાર્થકતા શેમાં છે?

પોતાના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવામાં અને પછી એ વ્યક્તિને સમાજના હિત માટે વિલીન કરી દેવામાં...

કેવી ન સમજાય તેવી વાત છે?

વ્યક્તિત્વનો વિકાસ પણ કરવાનો ને વળી તેનું વિલિનીકરણ પણ કરવાનું?!

હા... એમાં જ વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલે છે અને અમર પણ બને છે.

એક ઠેકાણે ધખધખતા પાણીમાં ગુલાબનાં ફૂલોને ઉકાળી એનું અત્તર અને ગુલાબજળ તૈયાર થઈ રહ્યું હતું, તો બીજે ઠેકામે ગુલકંદ માટે તાજાં ફૂલો વીંખાઈ રહ્યાં હતા.

આ જોઈ એક દ્રવિત હૃદયે ગુલાબને પૂછ્યું, ''જેની પાંખડીઓમાં નયનમનોહર રંગો, સુકુમારતા, સૌંદર્ય છે... અને પરાગમાં મનને ભરે એવો પમરાટ છે એવાં સૃષ્ટિનાં નિર્મળ સ્મિતસમાં ફૂલો, તમારી આ હાલત!?''

ફૂલો વેદનામાં પણ હસી પડ્યાં... ''હા, અમારી આ હાલત છે. અમારી જ નહીં, અમારા જેવા સહુ શુભેચ્છકોની આ હાલત છે, જે ખીલે છે, ઉપર આવે છે અને શુભેચ્છાનું સ્મિત વેરે છે એને કેટલાક માણસો જોઈ શકતા નથી! હા, વિપત્તિથી રડતા કે વેદનાથી પીડાતા કંગાલને જોઈ માણસ દયાનો હાથ કદીદ લંબાવે છે, પણ સ્મિતથી ઉદય પામતાને તો એ ઈર્ષાથી કચડી જ નાખે છે!

''પણ માનવ એ ભૂલી જાય છે કે ભલે અમને પીંખે કે ઉકાળે... પણ અમે મરતાં નથી. સુવાસ અને કુમાશરૂપે જીવીએ જ છીએ. પહેલાં અમારી શુભેચ્છાનું સ્મિત ફૂલોમાં હતું, હવે સુવાસમાં!''

મનુષ્યરૂપે જીવન અવતરે છે, પણ માનવતા સ્વરૂપે જીવન અમર બની જાય છે.

સૂરજ આથમવાની તૈયારીમાં હતો.

એને એક જ ચિંતા હતી કે આખા દિવસ દરમિયાન જે ધરતીની પોતે માવજત કરી હતી એનું પોતાના આથમ્યા પછી શું થશે?

સૂરજને ચિંતા હતી પશુપંખીઓની, જીવમાત્રની. પોતાનાં આથમણાં કિરણો દ્વારા એણે એ ચિંતા ધરતીને જણાવી. કિરણે કિરણે ધરતીની કણકણને સાદ પાડ્યો કે સૂરજની જગા લેવાની તૈયારી તો બતાવે!

પણ કોઈએ હિંમત ન દાખવી. હવે સૂરજને સાવ આથમી જવાની થોડી જ વાર હતી. પણ આખી ધરતીના કોઈ પણ ભાગમાંથી એના સાદનો પડઘો પાડતો ન હતો. આકાશમાં ઊગવા માટે નવલખ તારલિયા તૈયાર હતા. ઝગમગતો ચંદ્ર પણ પડદા પાછળ તૈયારી કરી રહ્યો હતો. પણ એ કોઈનામાં હિંમત નહોતી કે સૂરજના સાદનો જવાબ આપે.

એટલામાં એક નાનકડું કોડિયું, બોલ્યું, ''તમારી આખી જવાબદારી લેવાની ત્રેવડ તો મારામાં નથી, સૂરજદાદા! પણ જેટલે સુધી પહોંચશે એટલે સુધી અજવાળાં પાથરવાની બાંહેધરી હું આપું છું.''

''વાહ મારા લાલ! તારી હિંમત જોઈને મને આનંદ થાય છે. હવે મને ચિંતા નથી કે રાત્રે ધરતીનું થશે.''

નાનકડા કોડિયાની નાની શી જ્યોતને પોતાના આખરી કિરણ વડે પસવારતા સૂરજદાદા અસ્તાચળમાં ઓગળી ગયા. અવની ઉપર અંધારાં જામવા લાગ્યાં. અંધારું જામતું ગયું તેમ તેમ પેલી નાનકડી દીપશિખાનું તેજ વધારે ને વધારે ઝળહળતા લાગ્યું.

ને જગતે પહેલી વાર એક અદ્‌ભુત વાતની નોંધ લીધી કે અંધકાર ગમે એવો ઘનઘોર હોય તોય એ એક નાની જ્યોત બુઝાવી શકતો નથી.

એ ટાણે જગતે એ પણ નોંધ લીધી કે વિરાટ સૂરજનો વારસો જાળવવાનું કામ નાનકડું કોડિયું કરી શકે છે.

ને જગતે એ પણજાણ્યું કે અજવાળા સૂરજમાંથી મળે કે ચંદ્રમાંથી. દીવડામાંથી મળે કે અણિયામાંથી... મેળવનારને માટે તો એ અજવાળાં જ રહે છે.

આવી સુંદર બોધકથા આલેખનારા ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર અંતમાં કહે છે...

''તમારી તમામ શક્તિઓને પૂરી નિષ્ઠાથી કામે લગાડો. એમાં જ તમારા જીવનની ઈતિશ્રી છે.''

આવો, આપણે જીવનને ફૂલોના રંગોથી ભરી દઈએ...

આવો, આપણે જીવનને સૂરજનાં કિરણોથી અજવાળી લઈએ...

આવો, આપણે જીવનને સરિતાના સંગીતથી મઢી દઈએ...

આવો, આપણે જીવને સદ્‌ગુણોના સાજથી સજી દઈએ...

જીવનના બહુમુખી આયામો સમજવામાં જ જીવનનું સાફલ્ય છે.

સિદ્ધિયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

ઘણીવાર વિક્રમજી બીજાના સ્કૂટર પર બેસીને, બસમાં મુસાફરી કરીને જતા - સંઘર્ષની તે ઘડીઓ કપરી હતી. ગમે તેવો મક્કમ મનોબળવાળો વ્યક્તિ નાસીપાસ થઈ જાય તેવી હતી. વિક્રમજી થોડા ડગ્યા પણ અડગ મનનાં માનવી બની કાતિલ સફર કાપતા જ રહ્યા. વિક્રમજીની જિંદગીમાં સંઘર્ષના તે દિવસો પ્રસિધ્ધ ગાયિકા લતા મંગેશકરના જીવન સાથે ઘણી સામ્યતા ધરાવે છે. સમય પસાર થતાં વિક્રમ ઠાકોરની એક અલગ પ્રતિભા ઉભરી આવી. મોટાભાઈ પણ નાનાભાઈમાં રસ લેવા લાગ્યા. તેમને ખુદ ઑરકેસ્ટ્રા પાર્ટી બનાવી અને વિક્રમજી ભાઈઓનાં સહકારથી નાના નાના લૉ બજેટના સ્ટેજ શૉ કરવા લાગ્યા. પ્રોગ્રામમાં તેમનાં સ્વરચિત રાધાને લગતાં ગીતો ગાતા - પાછળથી એકવાર પિયુને મળવા આવજો જેવાં હિટ નીવેડેલાં અનેક ગીતોની રચના વિક્રમજીએ જાતે કરેલી છે. સમય જતાં તેઓ કી-બોર્ડ પણ શીખી ગયા અને ત્યારબાદ આર્થિક પરિસ્થિતિ મજબૂત બનાવવા બીજા સંગીત આયોજકોની સાથે કી-બોર્ડ વગાડવા માટે જતા. આમ, રાત-દિવસ વિક્રમજી સંગીતની અલબેલી દુનિયામાં ખોવાયેલા રહેતા.

વિક્રમજીનું પ્રાથમિક અને મા. શિક્ષણ ફતેપુરાની સેકટર-૧૬ની શાળામાં પૂર્ણ થયેલું. દસમા ધોરણમાં અભ્યાસની વેળાએ તેમનાં લગ્ન લેવાયેલા. હાલમાં તેઓ બે દાનિસમંદ સંતાનોનાં પિતા છે. જો કે, માતા-પિતાનો પણ વિક્રમજીના જીવનમાં ઉત્તમ ફાળો રહેલો છે. તેણો ઘણીવાર વિચારતા કે હું પ્રેક્ષકોને કેવાં ગીતો આપીશ તો મને પસંદ કરશે અને તેના જવાબરૂપે રાધાની રચનાઓ સફળ નીવડેલી. ભાઈઓનાં સહકારથી વિક્રમજીના સ્વરમાં બે કેસેટો ગરબાની રમઝટ, બ્રહ્માણીમાના અજવાળા - લોન્ચ થઈ. એમાં તેમને રચેલાં પ્રેમનાં ગીતો અને ગરબા પણ વણી લેવામાં આવ્યાં. તે વખતે કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો... અને એકવાર પિયુને મળવા આવજો, ગીતો અતિશય લોકપ્રિય બન્યાં હતા. બસ, તે ગીતોને કારણે પ્રેક્ષકનાં મનમાં વિક્રમજીએ એક સ્થાન મળી ગયું. તેમની સફળતાની જ્યોત પ્રગટી ચૂકી હતી. તેમના મુલાયમ સ્વરને આમ જનતાએ સ્વીકારી લીધો. ત્યારબાદ વિક્રમજીએ પ્રેક્ષકલક્ષી કેટલાંય પ્રણયગીતોની રચના કરી - જે હાલની ફિલ્મોમાં ધૂમ મચોવે છે. જે વિક્રમ રચિત મોટા ભાગનાં ગીતો રાધાની સાપેક્ષમાં હતાં અને આમ, ગીત-સંગીતની દુનિયામાં એક નવો ટ્રેન્ડ શરૂ થયો. તે પ્રેમવાદને પોષતાં ગીતોએ વિક્રમજીને પુષ્કળ લોકપ્રિયતા અપાવી અને ઠાકોર સમાજે પણ તેમની પ્રતિભાને વધાવી લીધી, સાથે પ્રોત્સાહન બક્ષ્યું. અત્યાર સુધી વિક્રમજીએ ૧૦૦ થી વધુ આલ્બમમાં નૃત્ય, અભિનય અને પોતાનો સ્વર આપ્યો છે. તદ્‌ઉપરાંત, તેમને ગામડાંમાં નવરાત્રી, લગ્ન પ્રસંગે કે શુભ અવસરે ઘણાં સફળ સ્ટેજ શૉ કર્યાં છે. હાલમાં તેઓ એક સારા ગાયક, અભિનેતા, સંગીતકાર અને ઉત્તમ વાંસળી વાદક છે. સૌ પ્રથમવાર હરસુખ પટેલ (મારૂતિ પ્રોડક્શનકર્તા) વિક્રમજીને લઈને 'એક વાર પિયુને મળવા આવજે' ફિલ્મ બનાવેલી. તેમાં રાધાના પાત્ર માટે મમતા સોનીની પસંદગી થઈ. બોક્સ ઓફિસ પર વિક્રમ-મમતાની જોડીની સાથે સાથે ચલચિત્રણએ પણ રજતજયંતિ ઉજવી અને અઢળક શુભેચ્છાઓ મેળવી - વિક્રમજી ગુજરાતભરમાં જાણીતા બન્યાં. ત્યારબાદ એક પછી એક એમ તેમની ૧૩ ફિલ્મો રજૂ થઈ. જે તમામ સુપરડુપર હિટ સાબિત થઈ. જેના કારણે વિક્રમ ઠાકોરને કલાજગતમાં આદરણીય અને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયું છે. ખરેખર, વિક્રમ ઠાકોરનાં કારણે ગુજરાતી ફિલ્મોનું ચલણ વધી ગયું છે. જેના કારણે માતૃભાષાને પણ પોષણ મળ્યું છે.

વિક્રમજીની ફિલ્મ રિલીઝ થાય ત્યારે થિયેટરો દિવસોનાં દિવસો સુધી હાઉસફૂલ જોવા મળે છે. તો વળી, સ્ટેજ શૉમાં અગણિત ચાહકોની મેદની ઉભરાય છે. હવે, વિક્રમજી ખુદ જીવનની સાપેક્ષમાં કેટલીક વાતોને ખુલ્લી પાડતાં કહે છે કે 'અત્યારે કેટલાક યુવાનો દિવો બાળીને દળણાં દળવા માટે નીકળ્યા છે. મતલબ કે તમારી અંદર જે શક્તિ (પ્રતિભા) રહેલ છે - તેને વિકસાવો કિંમતી સમય વેડફસો નહિ. બાકી, ઈશ્વર સૌને સાથ આપે. મહેનત, ધગશ, સાધના, પુરૂષાર્થના સરવાળાને જ હું નશીબ કહું છું - બીજી બે વાત મીડિયા જગતે પણ બૉલીવુડની જેમ ગુજરાતી ફિલ્મોને મહત્ત્વ આપવું જોઈએ. હાલના તબક્કામાં ગુજરાતી ફિલ્મો બનાવવાનો રાફડો ફાટી નીકળ્યો છે. પણ જે ડાયરેકટરો સારો ખર્ચે કરે છે તે સફળ નીવડે છે અને જે લોકો સરકારની સબસીડીના આધારે ફિલ્મની રચના કરે છે. તેઓ નિષ્ફળ જતા હોય છે. હું ફિલ્મ સાઈન કરતી વખતે પહેલાં બજેટ જોઉં છું અને જો એક થી દોઢ કરોડનું બજેટ હોય તો જ ફિલ્મમાં કામ કરું છું. આમીરખાન, નરેશ કનોડિયા, હિતેનકુમાર એ કરીના કપૂરનો અભિનય મને બહુ ગમે છે. મારા આદર્શ પણ ખરાં! જિંદગીના છેલ્લા શ્વાસ સુધી હું મારી કલામાં રચ્યોપચ્યો રહીશ અને પ્રેક્ષકોને મનપસંદ મનોરંજન મળે તે માટે ભરપૂર પ્રયત્નો કહીશ.'